# દાહોદ આરટીઓ ચેકપોસ્ટ ખાતે કોઈ ડ્યુટીલીસ્ટ જ નથી

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,ગુરૂવાર

દાહોદ ખાતેના આરટીઓ ચેક પોસ્ટ ખાતે કોણ ક્યારે કેટલો સમય ફરજ બજાવે છે તેની કોઈ નોંધ જ રખાતી નથી. આ ચેકપોસ્ટ ખાતે વાહનોને અપાતા મેમોનો પણ કોઈ રેકોર્ડ આરટીઓ પાસે નથી.

## વાહન ચાલકોને અપાતી મેમોની કોઈ નકલ પણ નહીં હોવાની કબૂલાત

દાહોદ- ઈન્દોર રોડ પર આવેલી ચેકપોસ્ટના અધિકારીએ ખુદ આ કબુલાત માહિતી અધિકાર હેઠળ એક થયેલી અરજીમાં કરી છે.

દરેક સરકારી તથા ખાનગી કચેરીમાં કયા અધિકારીએ કયા સમયે ફરજ બજાવી છે તેનો રેકોર્ડ અચૂક હોય છે. પગારની ગણતરીમાં ઉપરાંત ફરજને લગતા કાનૂની કે અન્ય પ્રશ્નો ઊભા થાય ત્યારે આ રેકોર્ડને ધ્યાને લેવામાં આવતો હોય છે.

પણ, માહિતી અધિકાર હેઠળ થયેલી એક અરજીમાં અપાયેલાં જવાબ મુજબ દાહોદ આરટીઓ ચેક પોસ્ટનું કોઈ ડ્યુટીલીસ્ટ ઉપલબ્ધ જ નથી. તેનો અર્થ એ થઈ શકે કે કાં તો અહીં ફરજની બાબતમાં લાલીયા વાડી ચાલે છે. અથવા તો અરજીના જવાબમાં અપાયેલી માહિતી ખોટી કે અધૂરી છે. આ અરજીનાં સંદર્ભમાં જોકે, કર્મચારીઓનું અંગત નાણાં નોંધ રજિસ્ટ્રાર જોઈ જવા જણાવ્યું છે. નાણાં નોંધ રજિસ્ટર જળવાતું હોય અને ડ્યુટી લીસ્ટ ના જળવાતું હોય એવું બની શકે ખરૂં એ એક સવાલ છે.

વધુમાં, અરજદાર વિપુલ પટેલની આ અરજીના જવાબમાં એમ પણ જણાવાયું છે કે વાહન ચાલકોને જે મેમો અપાય છે. તેની કોઈ નકલ આરટીઓ પાસે નથી.

કોઈ પણ સંસ્થામાં અને ખાસ કરીને સરકારી વિભાગમાં આવું લગભગ અશક્ય છે. કોઈપણ નાણાંકીય લેવડદેવડની પહોંચ કે મેમોકે વાઉચરની ડુપ્લીકેટ, ત્રિપ્લીકેટ અથવા કાઉન્ટર ફાઈલ અવશ્ય હોય જ છે. સ્પષ્ટ છે કે આ જિલ્લામાં માહિતી ખોટી અથવા અધુરી છે. મેમો બુકની નકલ નહીં આપવા કે નહીં દર્શાવવાનું વલણ શંકા ઉપજાવે તેવું છે.

આ ચેકપોષ્ટ ખાતે ઓટોમેટીક વ્હીકલ એન્ટ્રી એન્ડ ટેકસ કલેકશન સિસ્ટમ નિહાળવા માટે અલગથી રાજ્યના ચીફ આરટીઓની મંજુરી મેળવવા જણાવાયું છે. હકીકતમાં અરજદાર કોઈપણ સરકારી કામગીરીની ચકાસણી કરી શકે છે, સેમ્પલ લઈ શકે માપ લઈ શકે છે. તેમાં સંબંધિત ખાતાએ અરજદારનો સમય મેળવવાનો હોય છે. અરજદારે કોઈ મંજુરી માગવાની હોતી નથી.

આરટીઓનો સ્ટાફ દાહોદમાં પૂર્ણ સમય માટે રહે છે કે કેમ તેની તમામ વિગતો માગવામાં આવી હોવા છતાં તે માટે અલગથી અરજી માગવામાં આવી છે.આટલી અધુરી કે ખોટી વિગતો આપ્યા પછી માહિતી અધિકારીએ અરજદાર એક ટ્રસ્ટ સાથે સંકળાયેલા હોવાથી ટ્રસ્ટના સભ્ય તરીકે તેઓ માહિતી માગી શકે નહીં તેવી ટિપ્પણી કરી છે.


**SIGMA INSTITUTE OF PHYSIOTHERAPY**
At : Bakrol, Ajwa-Nimeta Road, Ta-Waghodia, Dist.Vadodara.
Phone:9909976831 extn 234 ; Mobile : 9909976794
Few Seats in 1st year B Physiotherapy are available for **ADMISSION UNDER NRI / MANAGEMENT QUOTA.** Contact the above address immediately during Office Hours (10:00 AM to 05:00PM)



**શ્રી હરિ એક્યુપ્રેશર એકેડેમી**
હોરીઝોન, એસ.એફ-૫, એબોવ રીલાયન્સ ફ્રેશ, નીયર ભવન્સ સ્કુલ, મકરપુરા, વડોદરા. ફોન : ૨૯૭૧૬૩૪.
**એક્યુપ્રેશર ટ્રેનીંગ પ્રોગ્રામ (સર્ટીફીકેટ કોર્સ)**
એન્ડોઝ એન્ડ સર્ટીફાઈડ બાય ઈન્ડીયન એકેડેમી ઓફ એક્યુપ્રેશર એન્ડ એક્યુપંક્ચર
(એન એજ્યુકેશનલ યુનીટ ઓફ એક્યુપ્રેશર શોધ, પ્રશિક્ષણ ઈવમ ઉપચાર સંસ્થાન, અલ્હાબાદ)

| નં. | કોર્સ ડિટેઈલ્સ | ડ્યુરેશન | ફી (રૂ.) |
|---|---|---|---|
| ૧. | એક્યુપ્રેશર લેવલ-૧ કોર્સ | ૩ મહીના | ૩,૫૦૦/- |
| ૨. | એક્યુપ્રેશર લેવલ-૨ કોર્સ | ૩ મહીના | ૩,૫૦૦/- |
| ૩. | એક્યુપ્રેશર લેવલ-૩ કોર્સ | ૩ મહીના | ૩,૫૦૦/- |
| ૪. | આયુર્વેદિક એક્યુપ્રેશર લેવલ-૪ કોર્સ | ૫ મહીના | ૫,૫૦૦/- |
| | બધા કોર્સ સાથે કરવા માટે સ્પેશીયલ | ૧૪ મહીના | ૧૨,૦૦૦/- |

ફક્ત ૫૦ એડમીશન (વહેલા તે પહેલો) એડમીશન શરૂ.
તા. ૨૧-૯-૦૮ થી ૨૮-૯-૦૮ સુધી. બેચ તા. ૧૮-૧૦-૦૮ થી શરૂ થશે.



**SRINIVAS GROUP OF COLLEGES**
G.H.S. Road, Mangalore - 575 001, Karnataka, India
Ph: 0824-2425966, 2421566, 4268494, 2444891 Fax: 2442766
E-mail: srinivasgroup@rediffmail.com raghmegh@rediffmail.com
Website: www.srinivasgroup.com
FEW SEATS ARE AVAILABLE
**B.P.T.** Eligibility: Pass in 10+2/P.U.C. with 45% marks in PCB
**M.P.T.** Eligibility: Minimum 50% marks in B.P.T.
• Affiliated to RGUHS, Bangalore • Recognised by IAP
**B.Pharm** Eligibility: Pass in 10+2/P.U.C. with 50% marks in PCB/ PCM/PCC/PCE.
**II yr. B.Pharm** Lateral Entry Eligibility: Pass in D.Pharm
• Affiliated to RGUHS, Bangalore • Recognised by AICTE & PCI, New Delhi